**Publication:** Divya Bhaskar
**Date:** 10/08/2016
**Edition:** Ahmedabad
**Page No:** 1
**Headline:** Navrachana School becomes winner beating Ahmedabad schools

### ટાગોરહોલ ખાતે યોજાયેલી 'IT ક્વિઝ કોમ્પિટિશન'માં

# અમદાવાદની સ્કૂલોને પાછળ રાખી વડોદરાની નવરચના સ્કૂલ વિનર

**ગુજરાતની 85 સ્કૂલના 800 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ક્વિઝ કોમ્પિ.માં શહેરની વિવિધ સ્કૂલોની 310 ટીમે ભાગ લીધો હતો તેમ છતાં વડોદરાની વિદ્યાર્થીઓએ ક્વિઝમાં બાજી મારી હતી.**

સિટી રિપોર્ટર @ahm_cb

ગુજરાતની સ્કૂલોમાં ધોરણ 8થી 12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વચ્ચે ટીસીએસ દ્વારા 'આઈટી ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કર્યુ હતુ. જેમાં ગુજરાતની 85 સ્કૂલોના 800 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પાંચ રાઉન્ડમાં આયોજીત આ ક્વિઝ કોમ્પિટિશનમાં નેશનલ અને ગ્લોબલ લેવલની પ્રશ્નોતરી કરવામા આવી હતી. જેમાં વડોદરાની નવરચના સામા સ્કૂલના સુજ્ય નિગમ અને સચીન અગ્રવાલે 65 પોઈન્ટ સાથે વિનર બન્યા હતા.



• વિનર ટીમને ટીસીએસ દ્વારા આઇપેડ આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

વડોદરાની સંત કબીર પણ રનર્સ-અપ ટીમ રહી હતી. અમદાવાદની એક પણ ટીમ વિજેતા ન બનતા વિદ્યાર્થીઓમાં વસવસો જોવા મળ્યો હતો. ક્વિઝ કોમ્પિટિશનની સાથે અનોખી ટ્વિટ કોમ્પિટિશન પણ રાખવામા આવી હતી. સ્ટુડન્ટસે સોશિયલ મીડિયા પર જેમાં અમદાવાદ રીજનલ રાઉન્ડમાં 6037 ટ્વિટ્ કરવામાં આવી હતી.